# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૬/૯/૨૦૨૧

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે વાણિજ્ય સપ્તાહ અંતર્ગત 'એક્ષપોર્ટર્સ કોન્કલેવ' યોજાઇ

## રો – મટિરિયલનું એકસપોર્ટ નહીં થવું જોઇએ અને કોઈપણ વસ્તુની વેલ્યુ એડેડ આઇટમ્સ એકસપોર્ટ થવી જોઇએ : એડીશનલ ડીજીએફટી વિરેન્દ્ર સિંઘ

### એકસપોર્ટર્સ કોન્કલેવ દરમ્યાન ચેમ્બર દ્વારા એકસપોર્ટ–ઇમ્પોર્ટ કાઉન્સેલિંગ સેન્ટર શરૂ કરવાની જાહેરાત કરાઇ, એકસપોર્ટ–ઇમ્પોર્ટના ડેટા પણ ચેમ્બર આપશે

**સુરત.** દેશને સ્વતંત્ર થવાને ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે ભારત સરકાર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવવામાં આવી રહયો છે. જેના ભાગરૂપે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા ૭૫ અઠવાડીયાનો કાર્યક્રમ થઇ રહયો છે. જેમાં તા. ૨૦થી ૨૬ સપ્ટેમ્બર દરમ્યાન વાણિજ્ય સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે વાણિજ્ય સપ્તાહ અંતર્ગત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા ધી જેમ એન્ડ જ્વેલરી એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલ – સુરત, ધી સિન્થેટિક એન્ડ રેયોન ટેકસટાઇલ એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલ – સુરત, ડિરેકટરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ – સુરત અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર – સુરતના સંયુકત ઉપક્રમે રવિવાર, તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે

સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એક્ઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે પ્લેટીનમ હોલમાં 'એકસપોર્ટ કોન્કલેવ'નું આયોજન કરાયું હતું. જેમાં ચીફ ગેસ્ટ તરીકે પધારેલા એડીશનલ ડિજીએફટી વિરેન્દ્ર સિંઘ તથા સુરતના જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના ડેપ્યુટી કમિશનર ઓફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ જનરલ મેનેજર એમ.કે. લાડાણીએ એકસપોર્ટ કરવામાં આવતી વિવિધ પ્રોડકટ્સ અને સર્વિસીઝને પ્રમોટ કરવા તેમજ સરકાર તરફથી આપવામાં આવતા પ્રોત્સાહનો અંગે એકસપોર્ટર્સને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ આ કોન્કલેવમાં સર્વેને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, કોરોના મહામારી બાદ વિશ્વ આખામાં સપ્લાય ચેઇન વિસ્તરીત કરવાની ઝુંબેશન શરૂ થઇ છે. મોટા ભાગના દેશો પોતાને ત્યાં થતા વેલ્યુ એડેડ ફિનીશ્ડ પ્રોડકટસ તથા ઇન્ટર મિડિએટ્સના ઇમ્પોર્ટ માટે ચાઇના પર નિર્ભર હતા, પરંતુ કોરોના કાળ દરમ્યાન ઉદ્દ્ભવેલી સ્થિતિના કારણે વિશ્વ આખાની સપ્લાય ચેઇન ખોરવાઇ ગઇ અને વિશ્વની આખી અર્થ વ્યવસ્થા ડામાડોળ થઇ ગઇ છે.

ભારતમાંથી વર્ષ ૨૦૨૦માં કુલ ૩૧૪ બિલિયન ડોલરનું એકસપોર્ટ કરવામાં આવ્યું હતું. ચાઇનાનું કુલ એકસપોર્ટ ૩૦૦૦ બિલિયન ડોલર જેટલું છે. એટલે કે, ચાઇનાનું એકસપોર્ટ ભારતથી ૧૦ ગણું વધારે છે. એટલે જ્યારે વિશ્વ આખું ચાઇના સિવાયના દેશ ઉપર સપ્લાય ચેઇનનો વિસ્તાર કરવા જઇ રહયું હોય ત્યારે ભારત આ સ્થિતિનો લાભ ખૂબ જ મોટા પ્રમાણમાં લઇ શકે તેમ છે. હવે વિશ્વના વિકસિત દેશો તથા કન્ઝયુમીગ દેશો તેઓના દ્વારા થતા માલ–સામાન માટે એક નવી સપ્લાય ચેઇન ઉભી કરવા માંગે છે અને ભારત માટે આ ઘણી મોટી અને ઉત્તમ તક છે. તેમણે ચેમ્બર દ્વારા નિકાસકારોની અવેરનેસ માટે એકસપોર્ટ–ઇમ્પોર્ટ કાઉન્સેલિંગ સેન્ટર શરૂ કરવાની જાહેરાત કરી હતી અને એકસપોર્ટ–ઇમ્પોર્ટના ડેટા પણ ચેમ્બર દ્વારા આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.

એડીશનલ ડીજીએફટી વિરેન્દ્ર સિંઘે નિકાસકારોને એકસપોર્ટર કઇ રીતે બની શકાય? અને એકસપોર્ટ કઇ રીતે વધારી શકાય? તે દિશામાં વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, હવે બધી પ્રોસેસ ઓનલાઇન છે અને માત્ર ત્રણ દિવસની અંદર એકસપોર્ટરોને ઇપીસીજી અને એડવાન્સ ઓથોરાઇઝેશન મળી જાય છે. માલને નિર્યાત કરતા પહેલા એકસપોર્ટરોએ સપ્લાય અને ડિમાન્ડનો ડેટા જોવાનો રહે છે. આઇટીસી એચએસ કોડ જોવાનો રહે છે. વિદેશમાં આ કોડ ૮ ડિજીટનો હોય છે અને ભારતમાં ૬ ડિજીટનો હોય છે. એકસપોર્ટરોને માલ–સામાનની આયાત – નિર્યાત કરવા માટે ડીજીએફટીમાં રજિસ્ટ્રેશન કરવાનું રહે છે.

તેમણે ડયૂટી એકઝમ્પ્શન સ્કીમ અંતર્ગત એડવાન્સ લાયસન્સ લઇ શકાય છે. એડવાન્સ ઓથોરાઇઝેશન સ્કીમ અંતર્ગત ઇપીસીજી લાયસન્સ મેળવી શકાય છે. ભારતમાં ઇપીસીજી લાયસન્સ મેળવનારાઓમાં દિલ્હી અને મુંબઇ બાદ ત્રીજો નંબર સુરતનો આવે છે. તેમણે રેમીશન ઓફ ડયૂટીઝ એન્ડ ટેકસીસ ઓન એકસપોર્ટેડ પ્રોસેસ અને રીબેટ ઓફ સ્ટેટ એન્ડ સેન્ટ્રલ લેવીજ એન્ડ ટેકસીસ સ્કીમ વિશે પણ એકસપોર્ટર, ઉદ્યોગ સાહસિકો અને ઉદ્યોગકારોને મહત્વની માહિતી આપી હતી.

તેમણે એકસપોર્ટ અને ઇમ્પોર્ટ થતી વસ્તુઓની આંકડાકીય માહિતી રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, એસઇઝેડમાંથી ૪૫ ટકાનો ગ્રોથ થઇ રહયો છે. જ્યારે ભારતમાં ઇન્ટરનેશનલ કક્ષાની જ્વેલરી બની રહી છે ત્યારે એકસપોર્ટ સપ્લાય ચેઇન તરફ ખાસ ધ્યાન આપવું પડશે. વધુમાં તેમણે કહયું કે, કોવિડને કારણે કન્ટેનરની સમસ્યા વધી ગઇ છે અને તેના નિરાકરણ માટે પ્રયાસો ચાલી રહયા છે. કોવિડને કારણે ફોરેન ટ્રેડ

પોલિસી ૨૦૨૦ ની સમય મર્યાદા સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી વધારી દીધી છે. આથી એકસપોર્ટ માટે પ્રોડકટની કવોલિટી ઉપર ખાસ ધ્યાન આપવું પડશે. ભારતમાંથી રો મટિરિયલનું એકસપોર્ટ નહીં થવું જોઇએ અને કોઈપણ વસ્તુની વેલ્યુ એડેડ આઇટમ્સ એકસપોર્ટ કરવા માટે એકસપોર્ટરોને તેમણે અનુરોધ કર્યો હતો.

સુરતના જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના ડેપ્યુટી કમિશનર ઓફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ જનરલ મેનેજર એમ.કે. લાડાણીએ ગુજરાત સરકારની ઇન્ડસ્ટ્રીયલ પોલિસી વિશે ઉદ્યોગકારોને તેમજ નિકાસકારોને માહિતગાર કર્યા હતા. તેમણે ગુજરાત માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝીસ (ફેસિલિટી ઓફ એસ્ટાબ્લીશમેન્ટ એન્ડ ઓપરેશન એકટ ૨૦૧૯) વિશે પણ વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના ઇન્વેસ્ટર્સ ફેસિલિટેશન પોર્ટલ પરથી સર્ટિફિકેટ મેળવીને બિઝનેસ શરૂ કરી શકાય છે. આ પોર્ટલ પરથી ઉદ્યોગકારોને તેમજ નિર્યાતકારોને દરેક ઓફિસની મંજૂરી મળી જાય છે. એમએસએમઇ ઇન્ડસ્ટ્રીયલ પોલિસી ૨૦૨૦ અંતર્ગત ઉદ્યમ રજિસ્ટ્રેશન ઓનલાઇન મેળવી શકાય છે. તેમણે અસિસ્ટન્સ ઓફ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ સબસિડી વિશે પણ વિસ્તૃત માહિતી આપી હતી.

એસ.આર.ટી.ઇ.પી.સી.ના ચેરમેન ધીરજ શાહે સિન્થેટિક રેયોન ટેકસટાઇલ્સના નિર્યાત વિશે નિર્યાતકારોને માહિતગાર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, બિઝનેસ કરવા કરતા એકસપોર્ટ કરવું સહેલું છે. વિશ્વ આખામાં ૭૫૦ બિલિયન યુએસ ડોલરનો એકસપોર્ટ થાય છે. જેમાં ભારતમાંથી માત્ર ૩૦ બિલિયન ડોલરનું એકસપોર્ટ થાય છે. આથી સુરતને એકસપોર્ટ કરવા માટે ખૂબ જ મોટી તક છે. તેમણે કહયું કે, તેમની કાઉન્સીલ એકસપોર્ટરોને માર્કેટીગ માટે મદદરૂપ થાય છે.

જીજેઇપીસીના રિજીયોનલ ચેરમેન તેમજ ચેમ્બરના તત્કાલિન ભૂતપૂર્વ પ્રમુખ દિનેશ નાવડિયાએ જેમ્સ એન્ડ જ્વેલરીના એકસપોર્ટ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, પ્રોડકશન કવોલિટી સુધરે અને આઉટપુટ વધે તે માટે કાઉન્સીલ કાર્યરત છે. સુરતમાં ફોરેન પોસ્ટ ઓફિસ મળે તો ઓનલાઇન એક હજાર ડોલર કરતા નાના ઓર્ડર બુક કરાવનાર વેપારીઓને સરળતા થશે. એમએસએમઇ સેકટરના નાના ઉદ્યોગપતિઓને પણ ધિરાણ આપવા માટે તેમણે રાષ્ટ્રીયકૃત બેંકોને અનુરોધ કર્યો હતો.

બેંક ઓફ બરોડાના એજીએમ ચંદન સિંઘે ઇન્ટરનેશનલ બિઝનેસ માટે એકસપોર્ટ ફાયનાન્સ વિશે માહિતી આપી હતી. જ્યારે ઇસીજીસીના એજીએમ સંકેત કુમારે એકસપોર્ટરોને ક્રેડીટની સામે આપવામાં આવતી ઇન્સ્યુરન્સ પોલિસી વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, એકસપોર્ટ કરતી વખતે પેમેન્ટ સુરક્ષિતતાને ધ્યાને લેવાય છે. ગુડ્સ બાયર્સ પાસે પહોંચે છે ત્યારે નોન પેમેન્ટનું રિસ્ક એકસપોર્ટર સામે ઉભું થાય છે. એકસપોર્ટર માટે પોલિટીકલ અને કોમર્શિયલ રિસ્ક હોય છે. આ રિસ્કને કવર કરવા માટે તેમજ ભારતમાંથી એકસપોર્ટ વધે તે માટે એકસપોર્ટર્સને ક્રેડીટની સામે ઇસીજીસી દ્વારા ઇન્સ્યુરન્સ પોલિસી આપવામાં આવે છે.

ચેમ્બરના માનદ્ ખજાનચી પરેશ લાઠીયાએ એકસપોર્ટર્સ કોન્કલેવના ઉદ્દ્ઘાટન સમારોહનું સંચાલન કર્યું હતું. જ્યારે એકસપોર્ટ પ્રમોશન એન્ડ ફોરેન ટ્રેડ કમિટીના એડવાઇઝર દેવકિશન મંઘાણીએ ટેકનિકલ સેશનનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના માનદ્ મંત્રી દીપકકુમાર શેઠવાલાએ પ્રાસંગિક વિધી કરી હતી. મહાનુભાવોએ એકસપોર્ટર્સના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ પણ આપ્યા હતા. અંતે ચેમ્બરના ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલાએ સર્વેનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.